# ફેનેસ્ટા સાથે ઈન્ડોર પ્રાઈવસી જાળવો

નવી દિલ્હી, ૧૨ જુલાઈ, ૨૦૧૯: ભારતની નંબર ૧ વિન્ડોઝ એન્ડ ડોર્સ બ્રાન્ડ ફેનેસ્ટા (ડીસીએમ શ્રીરામ ગ્રૂપ)એ તાજેતરમાં એનાં સ્વિચ ગ્લાસની રેન્જ લોંચ કરી છે.

સ્વિચ ગ્લાસ સંપૂર્ણપણે નવીન વિન્ડો સોલ્યુશન છે, જે તમને એક ક્લિક પર તમારી ગ્લાસ વિન્ડોઝની પારદર્શકતા નિયંત્રણ કરવાની સુવિધા આપે છે! ફેનેસ્ટાની સ્વિચ ગ્લાસની રેન્જ પ્રાઈવસીની સાથે કામગીરીનું મિશ્રણ છે. એની પિએઝો-ઈલેક્ટ્રિક અસર ગ્લાસને અસ્પષ્ટમાંથી સ્પષ્ટ બનાવે છે, પડદા રાખવાની, એનાં શેડ કે એને સંપૂર્ણપણે બ્લાન્ડ રાખવાની સમસ્યામાંથી મુક્તિ આપે છે. જ્યારે વીજળી બંધ હોય છે, ત્યારે લિક્વિડ ક્રિસ્ટલ્સ દૂર થઈ જાય છે અને ગ્લાસ અસ્પષ્ટ બની જાય છે. જ્યારે તમે પાવર ઓન કરો છો, ત્યારે કાચ સ્પષ્ટ બની જાય છે અને રિમોટનાં એક બટન સાથે બારીની બહાર સુંદર નજારો જોવા મળે છે.